# VASHISHTHA GENESIS SCHOOL, BARDOLI

(Academic Session: 2026-27)

**Date:** ________ **Class:**2 **Div:** **Roll No:** _______ **Sub:**2LGujarati

**Name:** ________________________________________ **Worksheet:**CH-8 ગદ્યાંશ

- **નીચે આપેલો પેરેગ્રાફ વાંચી પ્રશ્નોના ઉત્તર લખો: [CH-8 આખું વાંચવું]**

હિમા શાળાએથી આવીને હાથ મોં ધોયા વગર જમવા બેસી ગઈ. મમ્મીએ કહ્યું, ‘બેટા પહેલા હાથ-મોં ધોઈ લે પછી જમવા બેસ.”

હિમાએ એમ કર્યું પછી મમ્મીએ કહ્યું, “ચાલ હવે થોડીવારમાં ગૃહકાર્ય કરી લે. પછી આપણે નીતામાસી ને ત્યાં જવાનું છે. આગમ બીમાર પડ્યો છે, એની ખબર કાઢવા જવાનું છે."

1. હિમા ક્યાંથી આવી ?

જવાબ <u>શાળાએથી આવી</u>

2. મમ્મીએ <u>હાથ-પગ</u> ધોવા કહ્યું.

3. મમ્મીએ હિમાને શું કરવા કહ્યું?

જવાબ <u>ગૃહકાર્ય કરવા</u>

4. આગમ <u>બીમાર</u> પડ્યો છે.

5. મમ્મી કોના જોડે વાત કરે છે?

જવાબ <u>હિમા જોડે</u>

હિમા અને મમ્મી નીતામાસીના ઘેર ગયા. આગમ પથારીમાં સૂતો હતો, નીતામાસી એને વઢતા હતાં, “હજી મારું કહ્યું ના માન, હાથ-મોં ધોયા વગર જમવા બેસીશ, શરીર સ્વચ્છ નહિ રાખે તો બીમાર જ રહીશ. રમવા પણ નહિ મળે.”

હિમાએ પૂછ્યું, “માસી એને શું થયું ?” નીતામાસી - “આગમને ઝાડા-ઊલ્ટી થઈ ગયા છે. એ ગઈકાલે રમવા ગયો હતો, ત્યાં બહુ ગંદકી અને કચરો હતાં. ત્યાંથી આવીને સીધો જ જમવા બેસી ગયો. એટલે એને ઈન્ફેક્શન થઈ ગયું.”

1. હિમા અને મમ્મી કોના ઘરે ગયા?

જવાબ <u>નીતામાસીના ઘરે</u>

2. આગમ <u>પથારીમાં</u> સૂતો હતો
3. શરીર <u>સ્વચ્છ</u> નહિ રાખે તો બીમાર જ રહીશ.
4. “આગમને <u>ઝાડા-ઊલ્ટી</u> થઈ ગયા છે.
5. આગમ રમવા ગયો ત્યાં શું હતું?

જવાબ <u>ગંદકી અને કચરો</u>

## Home Work

હિમા "પણ મમ્મી તું તો શાળાએથી આવીને પણ હાથ- પગ ધોવાનું કહે છે, પણ શાળા તો ચોખ્ખી હોય."મમ્મી - "એ વાત બરાબર પણ શાળામાં પણ ધૂળ હોય. આવતાં-જતાં રસ્તામાં પણ કચરો, ગંદકી હોય એ બધાથી આપણું શરીર પણ ગંદું થાય. આપણે શરીરને પણ સાફ રાખવું જોઈએ. સવારે ઊઠીને ટૂથબ્રશથી દાંત સાફ કરવાના. પછી નાહી-ધોઈને શરીર ચોખ્ખું રાખવાનું બહારથી આવીને તરત જ હાથ-પગધોઈ લેવાના."

હિમા - "મમ્મી બહાર કચરો, ગંદકી વગેરે ક્યાંથી આવે?"

1. મમ્મી શાળાએથી આવીને શું ધોવાનું કહે છે?

જવાબ ____________________________________________

2. શાળા તો ____________________ હોય.

3. આપણે શરીરને પણ ____________________ રાખવું જોઈએ.

4. દાંત શાનાથી સાફ કરવા જોઈએ ?

જવાબ ____________________________________________

5. બહારથી આવીને તરત જ ______________________ધોઈ લેવાના.